# પંદરમી ગુજરાત વિધાનસભા

## કામકાજ સલાહકાર સમિતિ

## પહેલો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણ કરી છે.

**૧.** ગુરુવાર, તા.૨૩/૦૨/૨૦૨૩ના રોજ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક–૧– સન ૨૦૨૩ના ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયકની ચર્ચા હાથ ધરવી અને જરૂર પડ્યેથી ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

**૨.** સોમવાર, તા.૨૭/૦૨/૨૦૨૩ના રોજ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક–૨– સન ૨૦૨૩ના ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયકની ચર્ચા હાથ ધરવી અને તેની વિચારણા પૂરી કરવી.

**૩.** મંગળવાર, તા.૨૮/૦૨/૨૦૨૩ના રોજ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક–૩– સન ૨૦૨૩ના ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયકની ચર્ચા હાથ ધરવી અને તેની વિચારણા પૂરી કરવી.

**૪.** સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ) મુજબ મંગળવાર, તા.૦૭/૦૩/૨૦૨૩ના રોજ દર્શાવેલ બે બેઠકના સ્થાને એક બેઠક રાખવી તેમજ આ બેઠકમાં તા.૦૭/૦૩/૨૦૨૩ના દિવસની પ્રશ્નોત્તરી હાથ ધરવી અને સભાગૃહનો સમય સવારના ૦૯–૦૦ વાગ્યાનો રાખવો.

**૫.** ગુરુવાર, તા.૦૯/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહની બેઠક મળશે નહિ.

**૬.** શુક્રવાર, તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહની બે બેઠકો મળશે. જેની પ્રથમ બેઠકમાં મંગળવાર તા.૦૭/૦૩/૨૦૨૩ના રોજની પ્રશ્નોત્તરી સિવાય બીજી બેઠકનું કામકાજ તથા બીજી બેઠકમાં ગુરુવાર, તા.૦૯/૦૩/૨૦૨૩નું પ્રશ્નોત્તરી સહિતનું કામકાજ હાથ ધરવામાં આવશે.

**(પાછળ)**

**૭.** સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ) મુજબ શનિવાર, તા.૧૧/૦૩/૨૦૨૩ ના રોજ રજા દર્શાવેલ છે પરંતુ તે દિવસે સભાગૃહની બેઠક સવારના ૧૦–૦૦ વાગ્યે મળશે અને તે દિવસે શુક્રવાર, તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજનું પ્રશ્નોત્તરી સહિતનું કામકાજ હાથ ધરવામાં આવશે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૩**

**શંકરભાઇ ચૌધરી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**